# 94

## મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી પાસેથી થતી લેવાની રકમ

* **15/3/504 શ્રી અનંતકુમાર પટેલ (વાસંદા) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષઃ ૨૦૧૪થી પરત લેવાની થાય છે તે અન્વયે તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ પરત મેળવવામાં આવી, | (૧) | સામાવાળા દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ હોવાથી કોઈ રકમ પરત મેળવી શકાય નથી. |
| (૨) | ઉક્ત રકમ પર કેટલા ટકા લેખે વ્યાજ વસુલવાનું છે, | (૨) | ૧૨% લેખે વ્યાજ વસુલવાનું બાકી છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ખોટી રીતે ચુકવાયેલ તે અને વ્યાજ સહિત કૂલ કેટલી રકમ ઉક્ત એજન્સી પાસેથી વસુલવાની બાકી છે, અને | (૩) | રૂ.૬૬૮.૮૪ લાખ તથા ૧૨% વ્યાજ વસુલવાનું બાકી છે. |
| (૪) | ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | ➢ જીસીઈઆરટીની કચેરી દ્વારા તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ પોલીસ સ્ટેશન, સેક્ટર-૦૭, ગાંધીનગર ખાતે FIR દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.<br>➢ ઉક્ત બાકી રકમ વસુલવા જીસીઈઆરટીના તા.૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી, પ્રાઈવેટ લિમિટેડ (અમદાવાદ) અને તેના ડિરેક્ટરશ્રીઓને શોકોઝ નોટીસ આપી જીસીઈઆરટીની કચેરી ખાતે પ્રતિબંધ(બાન) મુકવામાં આવેલ છે.<br>➢ મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરશ્રીઓ સામે શિક્ષણ વિભાગ હસ્તકની આ કચેરી સિવાયની તમામ ખાતાના વડાની કચેરીઓ તથા સરકારશ્રીના તમામ વિભાગોમાં પ્રીન્ટીંગની કામગીરી મેળવવા સામે પ્રતિબંધ અંગેની બાબત વિચારણા હેઠળ છે. |

---